


(તસ્વીર : મયુરધ્વજસિંહ વાઘેલા)

## માણસામાં શંકરસિંહ વાઘેલાના હસ્તે મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકાયું

માણસામાં વિધાનસભાની ચૂંટણી સંદર્ભે ઉમેદવારના મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે આવેલા કોંગ્રેસના ચૂંટણી કેમ્પેઈન કમિટીના અધ્યક્ષ એવા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભાજપના ભ્રામક પ્રચાર બાબતે આકરા પ્રહારો કરી કેપ્ટન અંગેના ભાજપની ટીકા કરી કાર્યકરોને કામે લાગી જવા આહવાન કર્યું હતું. ગુજરાત વિધાનસભાની માણસા બેઠકના ઉમેદવાર અમિત ચૌધરીના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે આવેલા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો કેપ્ટન હું છું આ ઉપરાંત તેમણે પોતાના વકતવ્યમાં હાલની ભાજપને જુઠ્ઠી અને ખોટા વચનો આપનાર સરકાર તરીકે ગણાવી આ ચૂંટણીમાં છેલ્લા સત્તર વર્ષનો હિસાબ આપવા કહ્યું હતું અને પેટ્રોલ ડિઝલમાં ભાવ વધારો, પેન્શન, શિક્ષણ, આરોગ્ય, બેકારી જેવા સ્થાનિક પ્રશ્નોને બાજુએ મુકી કેન્દ્ર સરકારને નિશાન બનાવીને પોતાની નિષ્ળતા છુપાવી છે તેવી સરકારને ઘર ભેગી કરી કોંગ્રેસને જીતાડવા આહવાન કર્યું હતું.

## ડીસામાં ધોળા દિવસે રૂ. ૯૧,૦૦૦ની ચોરી

ડીસા, તા. ૬

ડીસા શહેરની મંગલપાર્ક સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરોએ સોના ચાંદીના અને રોકડ સહિત રૂ. ૯૧૦૦૦ની ચોરી કરી લેતા મકાન માલિકે ડીસા શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ડીસા શહેરના મંગલપાર્કમાં રહેલા અને જીઈબી કંપનીમાં સર્વિસ કરતા વિષ્ણુભાઈ કરશનભાઈ પટેલ મંગળવારે બહાર ગયા હતા ત્યારે સાંજના ચારેક વાગે પરત આવ્યા ત્યારે દરવાજો ખુલ્લો જોતા કંઈ અજુગતું બન્યાની આશંકાએ અંદર જઈ તપાસ કરતા માલ સામાન વેર વિખેર જણાયો હતો. જેમાં સોનાનું મંગળસૂત્ર, સોનાની ચુડી તેમજ ચાંદીના ઝાંઝર અને રોકડ મળી કુલ ૯૧,૦૦૦ની ચોરી થયાનું ધ્યાને આવતાં તેમણે ડીસા શહેર પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

## ઊંઝા બેઠક પરના ઉમેદવારોની પસંદગી બાબતે હજુ કાર્યકરોમાં અસંતોષની આગ બુઝાઈ નથી

ઊંઝા, તા. ૬

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કા માટે ૧૭મી ડીસેમ્બરના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીમાં ૨૧ ઉંઝા વિધાનસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી બાબતે બંને રાજકીય પક્ષોના કેટલાક કાર્યકરોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી અનુસાર ઊંઝા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે સતત પાંચમીવાર વર્તમાન ધારાસભ્ય નારાયણભાઈ એલ. પટેલની પાર્ટીએ પસંદગી કરીને રીપીટ કર્યા છે. જ્યારે કોંગ્રેસ પક્ષે ઊંઝા શહેરમાંથી ટીકીટ માટેની દાવેદારી કરનાર કોંગ્રેસ અગ્રણી પટેલને કાપીને ગ્રામ્ય વિસ્તારના મહિલા ઉમેદવાર ડૉ. આશાબેન પટેલને ટીકીટની ફાળવણી કરતા કોંગી અગ્રણીએ તેમના ટેકેદારો સાથે પક્ષમાંથી રાજીનામુ આપી દીધેલ છે.

જ્યારે ભાજપના વર્તમાન ધારાસભ્યને પાંચમીવાર રીપીટ કરતા નારાજ થયેલ ઊંઝા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ શિવમભાઈ રાવલે પક્ષ સાથે છેડો ફાડી જીપીપીના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્રક ભર્યુ હતુ. જો કે કોઈ અગમ્ય કારણસર તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા સમગ્ર વિસ્તારમાં આ બાબતે ભારે ચર્ચાસ્પદ બની હતી.

નવા સીમાંકન મુજબ ઊંઝા વિધાનસભા બેઠકની યોજાનાર ચૂંટણીમાં કુલ ૮ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ઉમેદવારોએ ચૂંટણી પ્રચારનું કામ આરંભી દીધું છે. જેથી દિનપ્રતિદિન ચૂંટણી પ્રચાર વેગ પકડતો જાય છે. આ બેઠક પર ચૂંટણી લડનારાઓમાં ભાજપના ઉમેદવાર આર્થિક રીતે ભારે સક્ષમ ઉમેદવાર હોવાનું મનાય છે ત્યારે ચૂંટણી જીતવા માટે નાણા કોથળી ખુલ્લી મુકાય તો નવાઈ નહી તેમ લોકોમાં બોલાય છે.

સને ૨૦૦૭ની ચૂંટણીમાં આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને બસપાના ત્રણ પાટીદાર સમાજના વ્યક્તિઓ ચૂંટણી મેદાનમાં હતા અને ૨૦૧૨ની ચૂંટણીમાં કુલ ૮ ઉમેદવારો ચૂંટણીજંગમાં રહ્યા હોઈ આ ચૂંટણી ભારે રસાકસીભરી અને પ્રતિષ્ઠાના જંગવાળી બની રહેશે તેમ જણાય છે.

## ડીસા-પાટણ રોડ પર ફાટક પાસે ટ્રેનની હડફેટે ઈસમે એક પગ ગુમાવ્યો

ડીસા, તા. ૬

ડીસા-પાટણ હાઈવે રોડ પર આવેલ ફાટક પાસે ટ્રેનની હડફેટે આવી ગયેલ એક ઈસમને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતાં ૧૦૮ મારફતે ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

ડીસા શહેરના ભોપાનગર વિસ્તારમાં રહેતા અને મૂળ પાલનપુર તાલુકાના ચંડીસર ગામના જીવણદાસ ગંગારામ સાધુ ડીસા-પાટણ હાઈવે રોડ પર આવેલ રેલવે ટ્રાફીક પાસે પસાર થતી ટ્રેનની હડફેટે આવી જતાં તેમનો એક પગ કપાઈ ગયો હતો જયારે માથાના ભાગે પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટનાની ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા નિલમ ચૌધરી અને રાકેશ પંડયા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ૧૦૮ વાન મારફતે ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમની તબિયત વધારે નાજુક હોવાથી તાબડતોબ પાલનપુર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

## સમાચાર ઝલક

- લાઇવ કવરેઝ માટે બેગમાં સમાઇ શકે તેવું લાઇવ યુ મશીન.
- પોરબંદરમાં મહિલાએ ચાર બાળકોને જન્મ આપ્યો.
- મત ગણતરી : પહેલાં પોસ્ટ બેલેટ ગણાશે, બાદમાં મશીનોનાં વોટ ગણાશે.
- ભારતમાં વસવાટ માટે શ્રેષ્ઠ શહેર છે બેંગ્લોર.
- ઓલિમ્પીક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થમાં ભારતીયો રમી શકે નહીં.
- વિશ્વની સૌથી વૃધ્ધ મહિલાનું ૧૧૬ વર્ષની વયે અવસાન.
- હવે હોઠ પર ટેટૂ કરાવવાનો ટ્રેન્ડ છે.
- પૂ. મોરારિબાપુની રામકથા બનશે કેન્સર પીડિતો માટે હામકથા.
- આગામી વર્ષોમાં ભારતમાં વરસાદમાં ૭૦ ટકા ઘટ્ટ રહેશે, દુષ્કાળનો ખતરો!!!
- ચૂંટણી પ્રચારના શુભારંભ માટે સોમનાથ દાદા હોટ ફેવરિટ.
- વૃધ્ધ, વિકલાંગ, દર્દીઓની રેલયાત્રા મોંઘી, ટિકીટ પર પુરો ટેક્સ લેવાશે.
- ગીતીકા આત્મહત્યા કેસનો મુખ્ય સાક્ષી અમેરિકા પલાયન.
- ડો. આંબેડકર યુનિવર્સિટીનો અભ્યાસક્રમ હવે ધો.૧૦ કે ૧૨ પાસ કર્યા વગર પણ હવે સ્નાતક થઇ શકાશે.
- નોર્વેમાં ભારતીય દંપત્તીને ૧૮ માસ સુધીની જેલ સજાનો બીજો કિસ્સો નોંધાયો.
- નવા વર્ષના પ્રથમ ત્રણ મહિના બોલીવુડમાં 'ડ્રાય ડે' જેવા રહેશે.
- આજે સશસ્ત્ર સેના ધ્વનદિન - સ્વર્ગસ્થ સૈનિકોનું ઋણ ચુકવવાનો અવસર.
- વડોદરામાં સ્ટેટ બેંકના ડ્રોપ બોક્સમાંથી ચેકની ચોરી કરતી ગેંગ પકડાઇ.

## ચૂંટણી ખર્ચ નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં કસુરવાર થયેલ ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર સહીત સાત વિરૂધ્ધ ચૂંટણી અધીકારીએ ઈશ્યું કરી નોટીસ

### સાતમી ડીસેમ્બર બે હજાર બાર કલાક ૧૧-૦૦ વાગ્યા સુધુ ખર્ચના હીસાબો રજુ નહી કરાય તો આગળની કાર્યવાહી હાથ ધરાશે

ડીસા, તા. ૬

ડીસા ૧૩ વિધાનસભા બેઠક માટે તેર ઉમેદવારો હાલ ચુંટણી લડી રહ્યા છે. જે પૈકીના તમામઉમેદવારોને ચુંટણી ખર્ચ નિરીક્ષક ડીસા દ્વારા ટેલીફોનીક સુચનાથી તેવો દ્વારા કરાતા ખર્ચની વિગતો કચેરીએ રજુ કરવા સુચના આપવામાં આવી હતી. જોકે આ ઉમેદવારો પૈકીનૌ સાત ઉમેદવારો આજરોજ નિયત કરેલ સમય દરમીયાન પોતાના ચુંટણી ખર્ચના હીસાબોરજુ કરવામાં નિષ્ફળ નિવડયા હતાં. જે બાદની કાર્યવાહીએ ચુંટણી અધીકારીએ ડીસા વિધાનસભા મતદાન વિભાગ દ્વારા કચેરી સમય પુરો થયા બાદ તમામઉમેદવારોને તાત્કાલીક અસરથી ખર્ચના હીસાબો રજુ કરવા ટુંકી મુદતની નોટીસ ઈશ્યું કરાતા ચુંટણી લડતા ઉમેદવારોમાં ખર્ચના હીસાબો રજુ કરવા દોડધામમચી હતી.

બનાસકાંઠા જીલ્લાની ૧૩-ડીસા વિધાનસભા બેઠક માટે ચુંટણી પ્રક્રીયામાં ભાગ લેનારા ઉમેદવારો તથા વિવિધ રાજકીય પક્ષ તરફથી થનાર ખર્ચ માટે દેખરેખ રાખવા બાબતના ખર્ચનિરીક્ષની ચુંટણી પંચ દ્વારા નિમણુક કરવામાં આવેલ છે. જેમાં ડીસા ખાતેની કામગીરી સંભાળતા ચુંટણીપંચ નિરીક્ષક વાચસ્પતિ ત્રીપાઠીની સીધી સુચનાએ ડીસા ચુંટણી અધીકૌરી અને પ્રાત ઓફીસર ડીસાની બી.કે. પટેલ દ્વારા નિયત સમય મર્યાદામાં ચુંટણી ખર્ચના હીસાબો રજુ કરવા તમામઉમેદવારોને સુચના આપવામાં આવી હતી. જોકે ડીસા બેઠકના વિવિધ રાજકી. પક્ષો અને અપક્ષ સહીતના ૧૩-ઉમેદવરો પૈકા સાત ઉમેદવારો કોઈપણ કારણથી આજરોજ પોતાના ખર્ચના હીસાબો રજુ કરવામાં નિષ્ફળ નિવડ્યા હતા. જે બાદ ચુંટણી અધીકારી અને પ્રાંત એફીસર ડીસ બી.કે. પટેલે તેમને મળેલી સત્તાની રૂએ ચુંટણી ખર્ચ નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં નિષ્ફળ નિવડેલા ઉમેદવારોમાં ભાજપના લીલાધરભાઈ વાઘેલા, લોકજન શક્તિ પાર્ટીના ઉમેદવાર ડાભી શર્મીષ્ઠાબેન લાલજીભાઈ અને અપક્ષ ઉમેદવારો ઓડ ધનરાજભાઈ કરશનભાઈ, છત્રાલીયા શાંતીભાઈ ઈશ્વરભાઈ, ઠાકોર રમણભાઈ સરદારજી, સોલંકી ભરતભાઈ ધનાજી, માળી મંગળજી મદરૂપજી સહીત તમામસાત ઉમેદવારોને તાત્કાલીક અસરથી ખર્ચના હીસાબો રજુ કરવા નોટીસ ઈશ્યું કરી હતી. આ બાબતે ચુંટણી અધિકારી બી.કે. પટેલે જણાવ્યું હતું કે ચુંટણી ખર્ચના હીસાબો રજુ કરવામાં નિષ્ફળ ગયેલા તમામ સાત ઉમેદવારોને સાતમી ડીસેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૧૧ કલાકે જાતે અથવા તેમના દ્વારા નિયત કરેલ એજન્ટ દ્વારા ઉમેદવારોએ પોતાના હીસાબો અત્રેની કચેરીએ રજુ કરવાના રહેશે જો તેમછતા પણ કોઈ ઉમેદવાર ચુંટણી ખર્ચના હીસાબો રજુ કરવામાં પુનઃ નિષ્ફળ નિવડશે તો ચુંટણી પંચના નિયમો મુજબ ઉમેદવારોને આપવામાં આવેલી વાહનો તથા અન્ય પરમીશનો રદ કરી કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. તેવું જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ ચુંટણી ખર્ચ હીસાબો બાબતે ચુંટણી પંચે કડકાઈ દાખવતા અને કસુરવાર ઉમેદવારો વિરૂધ્ધમાં નોટીસો ઈશ્યું કરતા ચુંટણી લડતા ઉમેદવારોમાં હીસાબો સત્વરે રજુ કરવા દોડધામમચી હતી.

## ઊંઝામાં મીરાં દાતારનો લોકમેળો અને ઊર્સ ભરાશે

ઊંઝા, તા. ૬

ઊંઝા નજીકના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ ઉનાવા ગામે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરંપરાગત રીતે આગામી તા. ૧૦થી ૧૬ ડિસેમ્બર સુધી મીરાંદાતારનો લોકમેળો યાને ઉર્સ ભરાશે. મીરાંદાતારનો ઉર્સ તા. ૧૦મી ડીસેમ્બરથી શરુ શશે અને તા. ૧૩મી ડીસેમ્બરના રોજ દરગાહમાં ધામધૂમથી નિશાન ચઢાવવામાં આવશે. જયારે ચાંદ જોઈને તા. ૧૪મી ડીસેમ્બરના રોજ વહેલી સવારે દરગાહમાં મઝાર શરીફ પર સંદલ થશે તેમ દરગાહ ટ્રસ્ટના પૂર્વ ચેરમેન વારીસઅલી સૈયદે જણાવ્યું છે. આ મેળામાં દેશભરમાંથી હિન્દુ, મુસ્લિમ સહિત તમામ ધર્મોના યાત્રિકો દર્શનાર્થે આવે છે.



## ડીસામાં નવનિર્માણ દિનની ઉજવણી

ડીસા શહેરમાં આજે નવ નિર્માણ દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. જેમાં ડીસા મત વિસ્તાર કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્ર જોષી, જિલ્લા કોંગ્રેસ અનુજાતિ વિભાગના ચેરમેન અમરતભાઈ ચૌહાણ, જીવણભાઈ છત્રાલીયા, દલપત ભાટીયા, લવજીભાઈ ચૌહાણ, મહેશ પરમાર, રમેશભાઈ પરમાર, દશરથભાઈ સોલંકી, અરવિંદભાઈ સોલંકી સહિત કાર્યકરોએ દિપક હોટલ ચાર રસ્તા પાસે બાબાસાહેબ આંબેડકરની પુતળાને ફુલહાર પહેરાવી સૂત્રોચ્ચાર કર્યા હતા.

## હિંમતનગર, પ્રાંતિજ, ઈડર ખાતે મતદાર જાગૃતિ અભિયાન

હિંમતનગર, તા. ૬

વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૨ સાબરકાંઠા જિલ્લાની સાત બેઠકો માટે તા. ૧૭મી ડિસેમ્બરે મતદાન યોજાશે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય, તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ થાય તે માટે કાર્યક્રમ યોજાતા હતા. હિંમતનગર શહેરની પ્રાથમિક શાળા, હાઈસ્કૂલો, ત્રિવેણી હાઈસ્કૂલો, તાલુકાની અડપોદરા મહાદેવપુરા પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ રેલીનું આયોજન કર્યું હતું. હિંમતનગર તાલુકાના સઢા, પેઢમાલા, ગાંભોઈ, ઈડર તાલુકાના પીલુદ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મતદાન જાગૃતિ સાહિત્યનુંવિતરણ કરવામાં આવ્યુંહતું.

## મતદાર જાગૃતિ માટે વિદ્યાર્થીઓ ૪ લાખ સંકલ્પપત્રો ચૂંટણી તંત્રને આપશે

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા મત વિસ્તારોની ચૂંટણીમાં મતદાન મોટી સંખ્યામાં થાય તે હેતુસર ૪ લાખ સંકલ્પ પત્રો શાળાઓના વિદ્યાર્થીઓ ભરીને ચૂંટણીતંત્રને આપશે. આ ઉપરાંત રેલીઓ કાઢીને મતદાર જાગૃતિનું અભિયાન કરાશે. પ્રાથમિક માધ્યમિક શાળાઓનાંપ્રવચન સેમિનાર યોજવામાં આવશે.

## પ્રાંતિજ ખાતે ભાજપની જાહેરસભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે આજે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલાએ ચૂંટણી સભા સંબોધી હતી.

પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આજે સાંજના પાંચ કલાકે બીજી જાહેર ચૂંટણીસભાનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલાએ કોંગ્રેસ ઉપર તોપની જેમ આકરા પ્રહારો કર્યા હતા અને ગુજરાતના કોંગ્રેસી નેતા પોતે કશુ કરી શકતા નથી એટલે દિલ્હીથી પ્રચાર માટે બોલાવે છે અને એ બધા અમને ગાળો દિધા સિવાય કશુ કરતા નથી પણ અમે ગુજરાતમાં આવનાર મહેમાનોનું સ્વાગત કરીએ છીએ અને ગુજરાતમાં આવેલા મહેમાનોનું અમે કોઈ બોલવાનું ખોટુ પણ નથી લગાડતા જયારે કોંગ્રેસ પાસે કોઈ નેતા નથી તો સુકાન કોના હાથમાં આપે અને મગનુ નામ મરી પણ નથી પાડતા તેમ જણાવ્યું હતું. અને કાર્યકરોને ચૂંટણી કામગીરીમાં લાગી જવા જણાવ્યું હતું. આ સભામાં જયસિંહ ચૌહાણ, દિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ઉષાબેન, સોનલબેન સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

## સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડી.એલ. પટેલનો ભાજપમાં પ્રવેશ

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તથા જિલ્લા સહકાર સેલના ચેરમેન અને સાબરકાંઠા જિલ્લા બાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ ડી.એલ. પટેલ છેલ્લા પચ્ચીસ વર્ષથી કોંગ્રેસ પક્ષમાં સક્રિય બની, હરહંમેશ પક્ષને મદદરૂપ થઈ વફાદારીપૂર્વક પાર્ટીનું કામ કર્યુંછે. પક્ષ માટે આટલી કામગીરી કરી હોવા છતાં જિલ્લા અને પ્રદેશના આગેવાનોએ યોજનાબદ્ધ રીતે ષડયંત્ર રચી મારી ઉમેદવારીને અવગમતાં મારા પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામુ આપી તાલુકા કોંગ્રેસના મંત્રી નરેન્દ્રભાઈ રમણભાઈ પટેલ, મનોરપુર સરપંચ જગદીશ જેઠાભાઈ પટેલ તથા વાવડી સરપંચ રમેશભાઈ નાથાભાઈ પટેલ તથા વીસએક સેવા અને દૂધ મંડળીઓના ચેરમેન/સેક્રેટરી તથા સમાજના હોદ્દેદારો અને ૨૦૦ જેટલા સક્રીય કાર્યકરો સાથે ભારતીય જનતા પક્ષમાં જોડાઈ ગયા છે.

## ખજાનો (પાના નં. ૨ નું ચાલુ)

જવાબ - પવિત્ર યાત્રાધામ - પથ્થરોમાંથી કોતરેલી બાહુબલિની ભવ્ય મૂર્તિ માટે.
(૨) ઉત્સવ એન. ઠાકર : સે-૨૯થી
પ્રશ્ન - લોહસ્તંભ કયાં આવેલો છે?
જવાબ - દિલ્હીમાં કુતુંબમિનાર પાસે
(૩) સોની ધવલ. એચલ : સે-૪થી
પ્રશ્ન - ભારતનો સૌથી મોટો ડેલ્ટા પ્રદેશ કયો છે?
જવાબ - સુંદરવન (પશ્ચિમ બંગાળ) જેવો વિસ્તાર ૨૦૭૨૦ ચો.કી. છે
(૪) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - ઈરાકનું બસરા શહેર કઈ નદી કિનારે વસેલું છે?
જવાબ - શટ અલ અરબ
(૫) ચૈતાલી બી. વૈષ્ણવ : સે-૧૯થી
પ્રશ્ન - હૉલીવુડ કયાં આવેલું છે?
જવાબ - કેલિફૉર્નિયામાં આવેલ ફિલ્મ જગતનું સ્થળ

### ● આ સપ્તાહનો સવાલ...?

**તાજેતરમાં ભારતના કયા ભૂતપૂર્વ વડાપ્રધાનનું અવસાન થયું?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

[illegible]
[illegible]

## પ્રાંતિજ તાલુકાના મજરા મેઈન કેનાલમાં ગાબડું પડતા ખેતીને નુકસાન

પ્રાંતિજ, તા.૬

પ્રાંતિજ તાલુકાના ઓરણ તેમજ મજરા ગામના સીમાડા પર આવેલી પાણીની મેઈન કેનાલ તથા પેટા કેનાલોમાં અગમ્ય કારણોસર ગત રોજ ગાબડાં પડી જતા ખૂતોને બટાકા, કોબીજના ધરુ તેમજ ખેતરમાં પાણી ભરાતા જમીનને પણ નુકશાન થવા પામ્યું હતું.

કેનાલોમાં પાણીના વધારે પડતા પ્રવાહને કારણે કેનાલોની સાર સંભાળના અભાવના પગલે કેનાલોમાં વારંવાર ગાબડાં પડતાં હોવાનું ખેડૂતોના મુખે ચર્ચાતું હતું તેમજ ખેડૂતોની ખેતી પણ બગડે છે તો સાથે જ સિંચાઈ વિભાગની ઓફીસમાં ફોન કરતાં સત્તાવાળાઓ કોઈ જ પ્રકારનો સંતોષકારક ઉત્તર આપતા નથી.

જો કે સિંચાઈ વિભાગમાં ઉગ્ર રજુઆતના પગલે તાબડ તોબ કેનાલમાં પડેલા ગાબડા પૂરવાનું કામ યુધ્ધના ધોરણે આરંભાયું હતું. પાણીનો પ્રવાહ ધીમો કરી છૂટક છૂટક પાણી કેનાલમાં નંખાય તે સંદર્ભે કિસાનોની માંગણી છે.



હિંમતનગર ખાતે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાં સુમન કાર્યક્રમનું આયોજન થયું હતું. પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડા કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા, દલિત સેનાના -મુખ કરશનભાઈ મકવાણા, મહામંત્રી મૂળજીભાઈ મકવાણા તેમજ ભગાભાઈ પરમાર સહિત દલિત અગ્રણીઓએ ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબની -તિમાને ફુલમાળા અર્પણ કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી. (મગન વણજારા, હિંમતનગર)